# પરિશિષ્ટ


શબ્દસર
ISSN 2249-2933
Listed on UGC-CARE
list Group I
તંત્રી : કિશોરસિંહ સોલંકી   અંક : ૨૩૪ ડિસેમ્બર ૨૦૨૦

શબ્દસર
વર્ષ : ૨૦
સળંગ અંક : ૨૩૪
ડિસેમ્બર : ૨૦૨૦
તંત્રી :
કિશોરસિંહ સોલંકી

પત્રવ્યવહારનું સરનામું :
સમર્પણ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ,
'એ' વિંગ, સમર્પણ એજ્યુકેશન એન્ડ રિસર્ચ કેમ્પસ,
ખ-૭ સર્કલ, સેક્ટર ૨૮, ગાંધીનગર – ૩૮૨૦૨૮

મુદ્રણ-વ્યવસ્થા :
ખુશ્બુ પ્રકાશન
૧૦૫, નંદન કોમ્પ્લેક્ષ, મીઠાખળી
અમદાવાદ-૩૮૦ ૦૦૯

માલિક :
ગાંધીનગર ચેરિટેબલ ટ્રસ્ટ
સમર્પણ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ,
'એ' વિંગ, સમર્પણ એજ્યુકેશન એન્ડ રિસર્ચ કેમ્પસ,
ખ-૭ સર્કલ, સેક્ટર ૨૮, ગાંધીનગર – ૩૮૨૦૨૮

મુખપૃષ્ઠ અને ટાઈટલ ૩
ચિત્રકાર અશ્વિન યોગાનંદીની ચિત્રકૃતિઓ

## સૂચનાઓ

૧. 'શબ્દસર' દર મહિનાની ૧૦મી તારીખે પ્રકાશિત થાય છે.
૨. 'શબ્દસર'નું વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦-૦૦ અને આજીવન રૂ. ૨૦૦૦-૦૦ રોકડા / ડ્રાફ્ટ/ મની-ઓર્ડરથી વર્ષમાં ગમે ત્યારે સ્વીકારવામાં આવે છે.
૩. 'શબ્દસર'ના ધોરણ અનુસાર લેખકોએ એક નકલ પોતાની પાસે રાખીને જ પ્રત મોકલવી. સાહિત્ય, કળા, ઇતિહાસ, સંસ્કૃતિ જેવા વિષયની કૃતિ-લેખ આવકાર્ય છે. અન્યત્ર મોકલેલી કે પ્રકાશિત કૃતિ-લેખ મોકલવાં નહીં. સ્વીકૃત/ અસ્વીકૃતનો જવાબ બે મહિના સુધીમાં આપવામાં આવે છે. લખાણ કાગળની એક બાજુએ સુવાચ્ય અક્ષરમાં હોય એ જરૂરી છે. ઝેરોક્સ લખાણ ન મોકલવું. સરનામું જરૂર લખશો.
૪. પ્રકાશિત લખાણની જવાબદારી લેખકની છે. અભિપ્રાયો સાથે તંત્રી/ સંપાદકો સંમત છે એમ માની લેવું નહીં.
૫. ટપાલથી ગેરવલ્લે થયેલા અંકની જવાબદારી પ્રકાશકની રહેશે નહીં. પત્રથી જાણ કરનારને અંક હશે તો મોકલી અપાશે.
૬. 'શબ્દસર'નું લવાજમ ઓનલાઈન ભરી શકાય છે. ખાતાધારક : શબ્દસર, ખાતા સંખ્યા : ૧૦૦૦૫૪૫૦૨૭૯. બૅન્ક : સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા, ગુજરાત મેરી ટાઈમ બોર્ડ કોમ્પ્લેક્ષ, ગાંધીનગર. **IFSC CODE: SBIN0004291.** ઓનલાઈન લવાજમ ભરનાર ગ્રાહકે પોતાનું પૂરું સરનામું, લવાજમ કઈ તારીખે ભર્યું છે તેની વિગતો પત્ર દ્વારા અવશ્ય જણાવવાની રહેશે.

'શબ્દસર' માસિકના તંત્રી, મુદ્રક અને પ્રકાશક કિશોરસિંહ સોલંકીએ મુદ્રણ ખુશ્બુ પ્રકાશન, ૧૦૫, નંદન કોમ્પ્લેક્ષ, મીઠાખળી અમદાવાદ - ૩૮૦૦૦૯ ખાતે તૈયાર કરી માલિક, ગાંધીનગર ચેરિટેબલ ટ્રસ્ટ, સમર્પણ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, સેક્ટર-૨૮, ગાંધીનગરના નેજા હેઠળ પ્રસિદ્ધ કર્યું.

# શબ્દસર

તંત્રી

કિશોરસિંહ સોલંકી

સંપાદક

નિસર્ગ આહીર • ઋચા બ્રહ્મભટ્ટ

પરામર્શક

ડૉ. મણિલાલ હ. પટેલ • ડૉ. વિજય પંડ્યા • ડૉ. રૂપાલી બર્ક


પ્રકાશક

**ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટ**

**સમર્પણ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ,**

**'એ' વિંગ, સમર્પણ એજ્યુકેશન એન્ડ રિસર્ચ કેમ્પસ,**

**ખ-૭ સર્કલ, સેક્ટર ૨૮, ગાંધીનગર – ૩૮૨૦૨૮**

shabdasar@gmail.com, nisargahir@gmail.com

www.samarpancollege.org/shabdasar

વર્ષ : ૨૦ સળંગ અંક : ૨૩૪ ડિસેમ્બર : ૨૦૨૦

**છૂટક કિંમત : રૂ. ૨૫**

# આનુપૂર્વી


સંપાદકીય : લાગણી, અનુભૂતિ, કલ્પના... નિસર્ગ આહીર ૫

તું : વિનોદ જોશી ૭

સુદામા ભાવો શો : કિશોરસિંહ સોલંકી ૮

ગઝલ : ગુલામ અબ્બાસ 'નાશાદ' ૯

લાંબી બાયનાં બ્લાઉઝ : પ્રતિષ્ઠા પંડ્યા ૧૦

આઝાદી થઈ ગઈ : ભરત વિંઝુડા ૧૧

ગઝલ : અંકિત ત્રિવેદી ૧૨

બે કાવ્ય : રેખાબા સરવૈયા ૧૩

ગઝલ : યોગેશ પંડ્યા ૧૪

ગઝલ : ઈશ્વર થવાનો ડર : હાર્દિક વ્યાસ ૧૫

દેવી : પ્રવીણ ગઢવી ૧૬

ચલ, ઊડ જા રે... : પ્રેમજી પટેલ ૨૬

વિરલ વિલક્ષણ પ્રેમકથા : યજ્ઞેશ દવે ૨૭

પ્રકૃતિ, પ્રણય, વેદના અને વિષાદની કવિતા : મણિલાલ હ. પટેલ ૩૦

છેલ્લો દિવસ : અર્જુનસિંહ કે. રાઉલજી ૪૪

'તેજ, ગતિ અને ધ્વનિ'માં ભાવસંકુલતાનું સૌંદર્ય : ઊર્વિકા શૈલેષકુમાર પટેલ ૪૮

'ના છૂટકે' લોકનું સહિયારું ચૈતન્ય : ડૉ. આનંદ વસાવા ૫૯

કુન્દનિકા કાપડીઆની વાર્તાઓમાં નારીચિત્રણ : ભારતીબેન બારિયા ૬૫

દીવાન-એ-મખ્ફી : ઔરંગઝેબની પુત્રી ઝેબુન્નિસાની શાયરી ગુજરાતી અનુવાદ : મીનાક્ષી ચંદારાણા ૭૦

આ અંકના શબ્દધર ૮૨

# કુન્દનિકા કાપડીઆની વાર્તાઓમાં નારીચિત્રણ

ભારતીબેન બારિયા

કુન્દનિકા કાપડીઆની વાર્તાઓ સમાજની સ્ત્રીઓનાં વિવિધરંગી વિશ્વને ઝીલે છે. વિભિન્ન પરિવેશ અને જુદી જુદી ઓળખ લઈને આવતાં એમનાં સ્ત્રીપાત્રો સારીનરસી વાસ્તવિકતાઓ સાથે રજૂ થયાં છે. એમની વાર્તાઓનાં નારીપાત્રો વિશે થોડી વિશ્લેષણાત્મક છણાવટ રજૂ કરવાનો અહીં પ્રયાસ છે.

'તમારાં ચરણોમાં', 'અવકાશ', 'સર્વનાશ', 'ન્યાય', 'ખુરસી' જેવી વાર્તાઓમાં સુખી દાંપત્યજીવનના ઓછાયા હેઠળ, ખરેખર તો પુરુષના આધિપત્ય નીચે કચડાતાં નારીપાત્રો છે. 'તમારાં ચરણોમાં'ની નાયિકા શીલા વાર્તાના અંતમાં પતિ અને ઘર બંને છોડીને જઈ શકવાની હિંમત કરે તેવી ખુમારીવાળી છે. 'અવકાશ' વાર્તાની નાયિકા પૂર્વી આજ્ઞાંકિત પત્ની અને સુશિક્ષિત નારી તરીકે આપણી સમક્ષ આવે છે. વાર્તાના અંતે પૂર્વી પોતાના વિચાર સાથે મક્કમ રહીને સ્વતંત્રતા તરફનું પ્રથમ ડગલું માંડવાનું સાહસ કરતી જોવા મળે છે. 'સર્વનાશ' વાર્તામાં માત્ર એક જ વાક્ય 'મારા પતિએ જ મને સળગાવી છે' દ્વારા પતિના જીવનનો સર્વનાશ કરતી મધુરીનું પાત્ર પોતાની આગવી છબી ઉપસાવી જાય છે. 'ન્યાય' વાર્તાની રાધિકાનું પાત્ર અભિમાની નહિ પણ સ્વાભિમાની છે. સ્ત્રી અને પુરુષ બંનેને સમાન અને સ્વતંત્ર વ્યક્તિત્વ હોવું જોઈએ તેવું તે સ્પષ્ટપણે માને છે. અહીં રાધિકાનું પાત્ર પુરુષના આધિપત્ય સામે બંડ પોકારતી એક સ્વતંત્ર વિચારધારા ધરાવતી નારીનું ઉદાહરણ પૂરું પાડે છે. 'ખુરસી' વાર્તાની નાયિકા સીતા પણ આજ્ઞાંકિત, સુશીલ વ્યક્તિત્વની સાથે સાથે સહનશીલ, સાહસિક અને નીડર છે. પતિની સામે બોલતાં તે જરાય ખચકાતી નથી. આમ, આ વાર્તામાં નાયિકા સીતા પોતાના આત્મસન્માન માટે પુરુષ સામે વિરોધ વ્યક્ત કરતી સાહસિક નારી તરીકે ઉપસ્થિત થાય છે. 'દરિયાની સાક્ષીએ' વાર્તાની નાયિકા બેલા સમાજે બનાવેલ ખોખલા નિયમો સામે વિદ્રોહ દર્શાવે છે. તે આધુનિક વિચારધારાઓને પ્રાધાન્ય આપતી વચનબદ્ધ નારી તરીકે આપણી સમક્ષ આવે છે. 'ફ્લાવરવેલી' વાર્તાની નાયિકા લેખા પણ પરિવર્તનશીલ અને સુધારાવાદી વિચારો ધરાવતી સ્ત્રી છે. નારી સન્માન અને સ્ત્રી સ્વમાન માટેનાં મૂલ્યોને કોઈપણ ભોગે વળગી

રહેવાની બિનસમાધાનકારી માન્યતા ધરાવતી તે આધુનિક નારી છે. આ નાયિકા સ્ત્રીસમાજને કોઈના પણ બંધન વિના મુક્ત રીતે ખુલીને જીવવા માટેનો બોધ આપી જાય છે.

'રંગ તો છે ને!' વાર્તામાં નાયિકાની એક સુશિક્ષિત અને નવા વિચારોને પ્રાધાન્ય આપતી નવા જમાનાની આધુનિક નારીની છબી દૃશ્યમાન થાય છે. 'રસ્તા પર' વાર્તાની નાયિકા પણ સ્વાવલંબી, સ્વતંત્ર અને ખુશહાલ જીવન જીવતી નારીની છબી દ્વારા સમગ્ર નારીસમાજને સ્વનિર્ભર બનવાની શીખ આપી જાય છે. 'એક પત્ર' અને 'નવું ચિત્ર' જેવી વાર્તાઓની નાયિકાઓ જીવનની દુઃખદ વાસ્તવિકતાઓને સ્વીકારીને જીવનને સુંદર બનાવીને જીવતાં શીખવી જાય છે. આ બંને નાયિકાઓ કરતાંય કંઈક ઉચ્ચ વિચારોવાળી 'જવા દઈશું તમને...' વાર્તાની નાયિકા તો જીવનની જેમ મૃત્યુને પણ સુંદર બનાવવા ઝંખતી એક મહત્ત્વાકાંક્ષી સ્ત્રી છે. આમ, લેખિકાએ પોતાની વાર્તાઓમાં આડકતરી રીતે પણ ક્યાંક ને ક્યાંક નારીસ્વાતંત્ર્યના વિષયને વણી લીધો છે.

અહીં કેટલાંક પાત્રો એવાં પણ છે જે પોતાની બંધનાવસ્થામાંથી છટકી શકતાં નથી અને સમાજના આવાં જડ નિયમોને સ્વીકારતાં જોવા મળે છે. 'માર્ગ ક્યાં છે?'ની નાયિકા પતિના ભોગવિલાસી જીવનના કડવાં અનુભવો વેઠે છે. તેની સામે વિરોધ ન કરતાં તે એક સહનશીલ અને પતિવ્રતા નારી બનીને રહી જાય છે. તે જ રીતે 'હરિ આવન કી આવાજ' વાર્તાની નાયિકા કેટી પણ તેના લગ્નજીવનથી અસંતુષ્ટ છે છતાંય પોતાની ઉદાસીને મનની ભીતર સંતાડીને સુખી હોવાનો દેખાડો કરે છે. આ બંને નાયિકાઓ સમાજનાં બંધનોને સ્વીકારતી જોવા મળે છે. આ વાર્તાઓમાં નાયિકાઓને પોતાની સ્ત્રી તરીકેની સ્વતંત્રતાનો ખ્યાલ આપવા માટે લેખિકાએ અન્ય પાત્રો મૂકી આપ્યાં છે. જે આ સ્ત્રીઓને તેમની સ્વતંત્રતા વિશે સમજાવતાં જોવા મળે છે. તેમની વાર્તાઓમાં કેટલાંક માનવતાવાદી વ્યક્તિત્વ ધરાવતાં નારીપાત્રો પણ છે. 'મનુષ્ય થવું' વાર્તાની નાયિકા પોતાની કામવાળીબાઈની દીકરીને ભરપેટ ભોજન કરાવીને તૃપ્તિ અનુભવે છે. 'ઢોળાયેલી સુગંધ' વાર્તામાં નાયિકા પોતાની વ્હાલસોયી પુત્રીને એક નિસંતાન દંપતિને સોંપે છે. તેમનાં જીવનમાં સંતાનસુખનો આનંદ છલકાવીને પોતે એક સાચા મનુષ્ય તરીકે ઊપસી આવે છે. અહીં, આ બંને પાત્રો સાચા અર્થમાં મનુષ્ય બની રહે છે.

સ્ત્રીની વિવિધ ભાવલાગણીઓ દર્શાવતાં નારીપાત્રો પણ અહીં જોવા મળે છે. સંતાનસુખની ઝંખના અને તેને પામવા માટેની વેદના શું હોઈ શકે તેનો હૃદયસ્પર્શી ચિતાર આપણને 'અતૃપ્તિ'ની નાયિકા મનોરમા અને 'આજે સવારે'ની નાયિકા શાંતિલાનાં પાત્રો દ્વારા સમજાય છે. 'મુક્તિ' અને 'ડહેલિયાનું ફૂલ' વાર્તાની નાયિકાઓ વાત્સલ્ય ધરાવનાર એક પ્રેમાળ માતા અને પતિની સંગીની બનનાર

પતિવ્રતા નારીનું ઉદાહરણ પૂરું પાડે છે. 'સુખ' વાર્તાની સોના નિર્ભય, સરળ, માનવતાવાદી અને નિખાલસ સ્વભાવવાળી યુવતી છે. બે સગી બહેનો સુમિતા અને અસીમાના સ્વભાવને જુદી રીતે દર્શાવતી વાર્તા 'અસત્યનાં ચરમ બિંદુએ'માં સુમિતાનાં પાત્ર દ્વારા લેખિકાએ નારીમનમાં રહેલી ઈર્ષ્યાના ભાવને ઉજાગર કર્યો છે. નારી પોતાના પ્રથમ પ્રેમને ભૂલી શકતી નથી તે 'અંધકાર' અને 'વંચિત કરીને' વાર્તાઓની નાયિકાઓનાં મનોસંચલનો દ્વારા પામી શકાય છે. 'પ્રથમ રાત્રિએ' વાર્તામાં લગ્ન પછી સાસરીના નવા પરિવેશની એકલતા અને ભાવિ જીવનની અવઢવમાં અટવાતી નવોઢા મધુનું પાત્ર નારીના સમર્પણભાવને રજૂ કરી જાય છે. 'એક મૂરખની પ્રેમકથા'ની અનામિકા અને 'એક પીળું ફૂલ'ની નાયિકા અનીમા - આ બંને પાત્રો પ્રાકૃતિક સૌંદર્યના ચાહક અને ભાવોર્મિમય નારીના રૂપે આલેખાયાં છે. 'વધુ ને વધુ સુંદર', 'સાથ' અને 'ચકલાંઘર' વાર્તામાં નારીહૃદયના પરસ્પર પ્રત્યેનાં ઊંડા સ્નેહભર્યા સહકારને કારણે બંધાતા મજબૂત સંબંધની ઝલક જોવા મળે છે. લગ્નજીવનના વિવિધ સંબંધો કઈ રીતે સાચવવા તેનું ઉદાહરણ આ પાત્રો સમજાવી જાય છે.

હવસખોર અને લુચ્ચા પુરુષોની વાતોમાં ભોળવાઈને તેમની હીન જાતીયવૃત્તિનો શિકાર બનતાં નારીપાત્રો પણ અહીં આલેખાયાં છે. આવાં સ્ત્રીપાત્રો સામાજિક દૃષ્ટિએ પોતાનું ચારિત્ર્ય કલંકિત થવા છતાંય, સંતાનને જન્મ આપીને જીવનમાં આવતા પડકારોનો સામનો કરે છે. પોતાની આવડત અને કુનેહથી જીવનમાં આર્થિક રીતે સધ્ધર થઈ પોતાનાં સંતાનોનો ઉછેર કરે છે. આમ, પોતાના દુઃખદાયી ભૂતકાળની યાદોને હૃદયનાં ઊંડાણમાં ધરબીને વર્તમાનને સુખમય બનાવીને જીવતી 'પુનરાગમન', 'ઢોળાયેલી સુગંધ' અને 'તો?' વાર્તાની નાયિકાઓ સ્ત્રીસમાજને જીવન જીવવાની નવી દિશા બતાવે છે. 'નવું ચિત્ર' વાર્તાની નાયિકા વૃદ્ધત્વની પાનખરમાં પણ વસંત લાવવાનો દૃઢ નિશ્ચય કરનાર નારી તરીકે ઊપસી આવે છે. જીવનને કઈ રીતે આનંદમય રાખવું એ કળા કુન્દનિકા કાપડીઆનાં નારીપાત્રો સારી રીતે સમજી શકે છે. અહીં 'કરોળિયાનું ઘર', 'આ ઉંમરે એકલી?', 'ઉષ્મા', 'નવું ચિત્ર', 'દિવાળીના દીવા', 'ભેટ' જેવી વાર્તાઓની વૃદ્ધ નાયિકાઓ પોતાની વૃદ્ધાવસ્થામાં પણ જીવન જીવવાનો નવો માર્ગ શોધી લેતી આપણને જોવા મળે છે. વૃદ્ધાવસ્થા જેવા કપરા સમયમાં પણ વ્યક્તિ કઈ રીતે જીવનને સુંદર બનાવી શકે તેનાં દૃષ્ટાંત મૂકીને જીવનના અંત સુધી આનંદમય જીવન જીવી શકાય તે વાતને 'આ ઉંમરે એકલી?', 'ઉષ્મા', 'વધુ ને વધુ સુંદર' જેવી વાર્તાઓનાં નારીપાત્રો દ્વારા લેખિકા દર્શાવી આપે છે.

આમ, કુન્દનિકા કાપડીઆ દ્વારા સર્જન પામેલા તમામ વાર્તાસંગ્રહોની મહત્તમ

વાર્તાઓમાં નારીજગતનાં વિવિધ પાસાંઓનું આલેખન થયેલું જોવા મળે છે. નારીનાં વિવિધતાસભર આંતર અને બહિર્મુખી વ્યક્તિત્વનાં દર્શન આપણને તેમની વાર્તાઓમાં થાય છે. નારીજીવનની સરળ અને સંકુલ, કઠોર અને કોમળ વાસ્તવિકતાઓ ખુલ્લી કરીને વિવિધ દશાઓમાં જીવતી નારીનાં હૃદયનાં ઊંડાણને પામવાના પ્રયાસો જોવા મળે છે. સરળ અને સમજાય તેવાં વાક્યોની ગૂંથણી કરીને વિસ્તારેલી આ કથાઓમાં નારી માટે નવ્ય દિશામાં જીવનને જોવાની અને વિકસવાની દૃષ્ટિ ખૂલે છે. નારીનાં મનોસંચલનોને નિરૂપિત કરવા માટે તેમણે કેટલીક વાર્તાઓમાં સાહિત્યમાં પરંપરાગત રીતે ચાલી આવેલી ફ્લેશબેક, પ્રતીક, વર્ણન, સંવાદ, સહોપસ્થિતિ, એકોક્તિઓ, ચેતનાપ્રવાહ જેવી યુક્તિ-પ્રયુક્તિઓનો ઉપયોગ કરેલો જોવા મળે છે. ટેક્નિકની દૃષ્ટિએ તેમની વાર્તાઓમાં નવીનતા જોવા મળતી નથી. કુન્દનિકા કાપડીઆના તમામ વાર્તાસંગ્રહો સંદર્ભે તેમની વાર્તાઓનાં નારીપાત્રોનું વિશ્લેષણ કરતાં જણાય છે કે...

- નારીહૃદયનાં પ્રેમ, વિરહ, પ્રણયભગ્નતા, નફરત, ઘૃણા, વાત્સલ્ય, ક્રોધ, દયા જેવી લાગણીઓને દૃશ્યમાન કરતાં નારીપાત્રો અહીં પ્રકટ થાય છે.
- અહીં યુવાન તરુણીઓ, પરણેલી સ્ત્રીઓ અને વૃદ્ધ નારીપાત્રો પોતાની આગવી અને વિશિષ્ટ છાપ છોડી જાય છે.
- તેમનાં નારીપાત્રો પોતાનાં જીવનની મુસીબતો અને દુઃખદ વાસ્તવિકતાઓને સ્વીકારે છે. આ સમસ્યાઓમાંથી નીકળીને જીવન અને મૃત્યુને સુંદર બનાવીને જીવતાં શીખવી જાય છે.
- તેમની વાર્તાઓનાં સ્ત્રીપાત્રો સ્વમાની, નિર્ભય, સરળ, માનવતાવાદી અને નિખાલસ સ્વભાવ લઈને ઊપસે છે. આ પાત્રો સ્વાવલંબી બનીને પોતાનાં વ્યક્તિત્વને ઉજાળનાર અને સ્વતંત્રતામાં માનનાર વ્યક્તિ તરીકે અહીં રજૂ થાય છે. આવાં પાત્રો પોતાની ગૌરવવંતી નારીપ્રતિભાનાં દર્શન આપણને કરાવી જાય છે.

આમ, કુન્દનિકા કાપડીઆની વાર્તાઓને એનાં નારીપાત્રો સંદર્ભે મૂલવતાં જોવા મળે છે કે તેમની વાર્તાઓનાં નારીપાત્રો પોતાની આગવી છબી અને ઓળખ સાથે અહીં પ્રગટે છે. જીવનમાં આવતી વિકટ પરિસ્થિતિમાં રસ્તો કરીને, તેમાંથી બહાર નીકળીને, પોતાની રીતે મુક્તપણે વિકસવાનો અને વિસ્તારવાનો વારસો તેઓ આપી જાય છે.

---

**Bibliography**

- કાગળની હોડી (વાર્તાસંગ્રહ) (પ્રથમ આવૃત્તિ). અમદાવાદ : નવભારત સાહિત્ય મંદિર, ૧૯૭૮

- જવા દઈશું તમને (વાર્તા સંગ્રહ) (પ્રથમ આવૃત્તિ). અમદાવાદ : નવભારત સાહિત્ય મંદિર, ૧૯૮૩
- પ્રેમનાં આંસુ (વાર્તા સંગ્રહ) (પ્રથમ આવૃત્તિ). અમદાવાદ : નવભારત સાહિત્ય મંદિર, ૧૯૫૪
- મનુષ્ય થવું (વાર્તા સંગ્રહ) (પ્રથમ આવૃત્તિ). અમદાવાદ : નવભારત સાહિત્ય મંદિર, ૧૯૯૦
- વધુ ને વધુ સુંદર (વાર્તા સંગ્રહ) (પ્રથમ આવૃત્તિ). અમદાવાદ : નવભારત સાહિત્ય મંદિર, ૧૯૯૭

Print

THE MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF BARODA

# PUBLICATION CERTIFICATE

**Name of Ph.D. Supervisor** **Dr.Darshini Jayeshbhai Dadawala**

**Published Articles/Papers in Journals**

| Sr No. | Author(s) | Paper Title | Journal Name & ISSN & Volume No. | Published Year | DOI | Index in Scopus/UGC CARE/Clarivate | Document Submitted? |
|---|---|---|---|---|---|---|---|
| 1 | Bharti Baria | Kundanika Kapadia ni Vartao ma NariChitran | Journal Name: Shabdsar, ISSN: 2249 2933 | 1-12-2020 | | In Scopus: Yes, In UGC CARE: Yes, In Clarivate: Yes | Submitted |
| 2 | Darshini Jayeshbhai Dadawala | Lal ded nu kavitavishwa | Journal Name: Shabdsaar, ISSN: 2249 2933, Volume No.: 232 | 1-10-2020 | | In Scopus: Yes, In UGC CARE: Yes, In Clarivate: Yes | Submitted |
| 3 | Mital Patel | varsha adaljani vartaoma strivishayak prashno ane tena samadhano | Journal Name: Shabdsar, ISSN: 2249 2933, Volume No.: 232 | 1-9-2020 | | In Scopus: Yes, In UGC CARE: Yes, In Clarivate: Yes | Submitted |
| 4 | Pinakini Zala | Dhiruben Patel ni vartao ma Stripatro | Journal Name: Shabdsar, ISSN: 2249 2933, Volume No.: 232 | 1-9-2020 | | In Scopus: Yes, In UGC CARE: Yes, In Clarivate: Yes | Submitted |